Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# પ્રાથમિક શાળાના શિક્ષકોમાં માનવ અધિકાર અંગે સભાનતાનો અભ્યાસ

ડૉ. સુભાષભાઈ એમ. વણકર
આચાર્ય,
ચોરીવાડ પ્રાથમિક શાળા, તા. ઈડર

## ૧. પ્રાસ્તાવિક

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ સંશોધન પ્રકારનું હતું, જેમાં પરતંત્ર ચલ તરીકે માનવ અધિકાર અંગેની સભાનતા હતી. જેમાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની માનવ અધિકાર અંગેની સભાનતા જાણવાનો મુખ્ય હેતુ હતો. આ માટે સંશોધક દ્વારા સ્વરચિત માનવ અધિકાર સભાનતા સંશોધનિકાની રચના કરવામાં આવી હતી. જેના પરિણામોને આધારે તાલીમાર્થીઓમાં પ્રવર્તતી સભાનતા ચકાસવામાં આવી. આમ આ અભ્યાસમાં તાલીમાર્થીઆમાં માનવ અધિકાર પ્રત્યેની સભાનતા કેટલી છે તે જાણવાનો પ્રયાસ હતો. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ સંશોધન પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ઇડર જિલ્લાના ઇડર તાલુકાની પે-સેન્ટર શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેની પસંદગી યોજના નીચે મુજબ હતી

| ક્રમ | પે-સેન્ટર શાળા ૧ | | પે-સેન્ટર શાળા ૨ | |
|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ |
| | ૪૫ | ૧૦ | ૪૨ | ૧૨ |

આમ, પ્રસ્તુત સંશોધનમાં બે પે-સેન્ટર શાળાના શિક્ષકોને પસંદ કરવામા આવ્યા હતા. પૂર્વોક્તાનુસાર માનવ અધિકાર સભાનતા સંશોધનિકા આપવામાં આવી હતી. જેમાં શિક્ષકોને માનવ અધિકાર સભાનતા સંદર્ભે વિવિધ કુલ ૩૦ (ત્રીસ) પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જે બહુવિકલ્પ પ્રકારના હતા. સાચા જવાબ માટે એક ગુણ અને ખોટા જવાબ માટે શૂન્ય ગુણ આપવામાં આવ્યા હતા. આમ, પસંદિત ચલના સંદર્ભમાં નમૂનો પસંદ કરી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોમાં માનવ અધિકાર સભાનતા સંદર્ભે ચકાસણીની હતી. આ બાબતને ધ્યાનમાં રાખી માહિતી એકત્રિત કરવામાં આવી હતી અને પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિએ અર્થઘટન કરવામાં આવ્યું હતું

## ૨.માહિતી મેળવવાની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સૌપ્રથમ ઇડર તાલુકાની બે પે-સેન્ટર શાળાના શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં પે-સેન્ટર શાળા-૧માં ફરજ બજાવતા ૫૫ શિક્ષકો અને પે-સેન્ટર શાળા-૨માં ફરજ બજાવતા ૫૪ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પસંદિત સંસ્થાઓના તાલીમાર્થીઓને માનવ અધિકાર કાયદા અને જોગવાઇ સંદર્ભે સભાનતા ચકાસવાના આશયે સ્વરચિત સંશોધનિકા આપવામાં આવી હતી જેના પરિણામોના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા તેમ જ તેને આંકડાશાસ્ત્રીય રીતે મૂલવવામાં આવ્યા હતા.

## ૩.માહિતીનું આલેખન

પ્રસ્તુત સંશોધનો મુખ્ય હેતુ પ્રાથમિક શિક્ષકોમાં માનવ અધિકાર સંદર્ભે સભાનતા ચકાસવા હતો. આ માટે સંશોધક દ્વારા તજજ્ઞ અધ્યાપકશ્રીના માર્ગદર્શન હેઠળ 30 ગુણની સ્વરચિત માનવ અધિકાર સભાનતા સંશોધનિકાનું નિર્માણ કરવામાં

આવ્યું હતું. ત્યારબાદ આ સંશોધનિકા નમૂના તરીકે પસંદદિત તાલીમાર્થીઓને આપવામાં આવી હતી. પ્રાપ્ત પરિણામોને જરૂરિયાત પ્રમાણે સારણી સ્વરૂપે આલેખવામાં આવી હતી.

## ૪. આંકડાશાસ્ત્રીય પદ્ધતિ

માનવ અધિકાર સભાનતા સંશોધનિકાના મળેલા પ્રાપ્તાંકોની પે-સેન્ટરદીઠ અને પસંદિત ચલના સંદર્ભમાં જૂથદીઠ સરસરી ગણી કાઢવામાં આવી હતી. ત્યારબાદ તેનાં મધ્યક, મધ્યસ્થ, પ્રમાણવિચલન અને પ્રમાણભૂલ શોધવામાં આવ્યાં હતાં. સેન્ટરદીઠ અને જૂથદીઠ માનવ અધિકાર સભાનતા સંશોધનિકાના મળેલા પ્રાપ્તાંકોના મધ્યકોને એકબીજા સાથે સરખાવવા માટે દ્વિપૂચ્છીય t-કસોટીનો ઉપયોગ કર્યો અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરી છે.

## ૫.પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનનાં ઈડર તાલુકાની બે પે-સેન્ટર શાળાના શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં શાળા-૧માં ફરજ બજાવતા ૫૫ શિક્ષકો અને શાળા-૨ના ૫૪ શિક્ષકોને નમૂના તરીકેનમૂના તરીકે પસંદ કરી તેમને એક સ્વરચિત માનવ અધિકાર સભાનતા સંશોધનિકા આપવામાં આવી હતી જેના પ્રાપ્તાંકોને t-કસોટીથી સરખાવવામાં આવ્યા છે, જે સારણી સ્વરૂપે રજૂ કરેલ છે.

### *૫.૧.માનવ અધિકાર સભાનતા સંશોધનિકાના પરિણામોની તુલના*

અગાઉના જણાવ્યા અનુસાર, પ્રયોજક માનવ અધિકાર સભાનતા સંશોધનિકાના પરિણામોને જાતિના સંદર્ભમાં ચકાસવામાં આવ્યા હતા. જેના પરિણામોનું અર્થઘટન નિમ્નાનુસાર છે

### *૫.૧.૧ જાતિ આધારિત માનવ અધિકાર સભાનતા સંશોધનિકાના પ્રાપ્તાંકોનું આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ*

પ્રસ્તુત સંશોધમાં તાલીમાર્થીઓને માનવ અધિકાર સભાનતા સંશોધનિકા આપવામાં આવી, જેનાં પરિણામ સારણી-૧માં દર્શાવ્યાં છે.

**સારણી - ૧ માનવ અધિકાર સભાનતા સંશોધનિકામાં તાલીમાર્થીઓના જાતિ આધારિત મળેલ પ્રાપ્તાંકોના સરાસરી અને પ્રમાણ વિચલન**

| ક્રમ | પે-સેન્ટર શાળા-૧ | | પે-સેન્ટર શાળા-૨ | |
|---|---|---|---|---|
| | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ |
| **1** | 8 | 16 | 10 | 11 |
| **2** | 9 | 15 | 12 | 12 |
| **3** | 9 | 10 | 15 | 9 |
| **4** | 9 | 12 | 11 | 11 |
| **5** | 6 | 10 | 9 | 13 |
| **6** | 10 | 11 | 10 | 7 |
| **7** | 13 | 12 | 14 | 8 |
| **8** | 12 | 10 | 10 | 14 |
| **9** | 9 | 11 | 12 | 6 |
| **10** | 13 | 13 | 13 | 8 |

| | | | | |
|---|---|---|---|---|
| **11** | 10 | | 9 | 10 |
| **12** | 12 | | 12 | 10 |
| **13** | 8 | | 13 | |
| **14** | 9 | | 13 | |
| **15** | 8 | | 6 | |
| **16** | 8 | | 9 | |
| **17** | 10 | | 14 | |
| **18** | 16 | | 8 | |
| **19** | 13 | | 13 | |
| **20** | 10 | | 9 | |
| **21** | 13 | | 10 | |
| **22** | 12 | | 12 | |
| **23** | 14 | | 15 | |
| **24** | 16 | | 15 | |
| **25** | 12 | | 8 | |
| **26** | 10 | | 13 | |
| **27** | 18 | | 17 | |
| **28** | 17 | | 14 | |
| **29** | 18 | | 16 | |
| **30** | 19 | | 10 | |
| **31** | 6 | | 8 | |
| **32** | 8 | | 9 | |
| **33** | 9 | | 11 | |
| **34** | 5 | | 9 | |
| **35** | 12 | | 7 | |
| **36** | 13 | | 11 | |
| **37** | 11 | | 9 | |
| **38** | 17 | | 11 | |
| **39** | 9 | | 14 | |
| **40** | 8 | | 10 | |
| **41** | 19 | | 15 | |
| **42** | 17 | | 8 | |
| **43** | 17 | | | |
| **44** | 15 | | | |
| **45** | 16 | | | |

| | | | | |
|---|---|---|---|---|
| **શિક્ષકોની સંખ્યા** | 45 | 10 | 42 | 12 |
| **મધ્યક** | 10.36444 | 12 | 11.28571 | 9.916667 |
| **પ્રમાણ વિચલન** | 3.801648 | 2.108185 | 2.671308 | 2.429303 |
| **ગુરુત્તમ પ્રાપ્તાંક** | 19 | 16 | 17 | 14 |
| **લઘુત્તમ પ્રાપ્તાંક** | 5 | 10 | 6 | 6 |

ઉપર્યુક્ત પ્રમાણે માનવ અધિકાર સભાનતા સંશોધનિકામાં શિક્ષકદીઠ મળેલા પ્રાપ્તાંકોની સરાસરી કાઢવામાં આવી હતી અને તેને આંકડાશાસ્ત્રીય પદ્ધતિએ મૂલવવામાં આવી છે. સારણી-1માં માનવ અધિકાર સભાનતા સંશોધનિકામાં શિક્ષકદીઠ પ્રાપ્તાંકોની સરાસરી પરથી ગણી કઢાયેલા સરાસરી પ્રાપ્તાંકો દર્શાવવામાં આવ્યા છે. ઉપર્યુક્ત પરિણામોને આધારે મહત્ત્વની કહી શકાય તેવી ઉત્કલ્પનાઓના સંદર્ભમાં પરિણામોની તુલના હવે પછી કરવામાં આવી છે.

**$Ho_1$.**"પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી-૨ માનવ અધિકાર સભાનતા અંગે પ્રાથમિક શાળાના શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોને મળેલા પ્રાપ્તાંકોનાં મધ્યક અને પ્રમાણવિચલન તથા ક્રાંતિક ગુણોત્તરના મૂલ્યો**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t' મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષકો | 87 | 12.36 | 3.85 | 0.59 | 0.81 | 1.48 | 107.00 | સાર્થક તફાવત નથી |
| પુરુષ શિક્ષકો | 22 | 9.35 | 2.25 | | | | | |

સારણી-૨માં દર્શાવ્યું છે તે પ્રમાણે માનવઅધિકાર સભાનતા સંશોધનિકામાં કુલ શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકા અને પુરુષ શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોમાં મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 12.36 અને 3.85 તથા 9.35 અને 2.25 છે, તેમની વચ્ચેની પ્રમાણ ભૂલ 0.64, મધ્યકનો તફાવત 0.71 છે જ્યારે t મૂલ્ય 1.48 છે અને df = 107 છે. પ્રાપ્ત પરિણામોને સારણી C માં જોતાં 0.05 કક્ષાએ t નું મૂલ્ય એ 1.96 કરતાં ઘણું ઓછું છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત ધરાવતું નથી. માટે શૂન્ય ઉત્કલ્પના- "પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય." નો સ્વીકાર થાય છે.

આમ, માનવ અધિકાર સભાનતા અંગે પ્રાથમિક શિક્ષકોમાં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સાર્થક રીતે સમાન માલુમ પડે છે.

**$Ho_2$."પે-સેન્ટર શાળા-૧ની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."**

**સારણી :૩ માનવ અધિકાર સભાનતા અંગે મોગરી પે-સેન્ટર પ્રાથમિક શાળાના શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોને મળેલા પ્રાપ્તાંકોનાં મધ્યક અને પ્રમાણવિચલન તથા ક્રાંતિક ગુણોત્તરના મૂલ્યો**

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t' મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષકો | 45.00 | 10.36 | 4.20 | 0.97 | 0.23 | 0.19 | 53.00 | સાર્થક તફાવત નથી |
| પુરુષ શિક્ષકો | 10.00 | 13.12 | 2.41 | | | | | |

સારણી-૩માં દર્શાવ્યું છે તે પ્રમાણે માનવઅધિકાર સભાનતા સંશોધનિકામાં પે-સેન્ટર શાળા-૧ના કુલ શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકા અને પુરુષ શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોમાં મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 10.36 અને 4.20 તથા 13.12 અને 2.41 છે, તેમની વચ્ચેની પ્રમાણ ભૂલ 0.97, મધ્યકનો તફાવત 0.23 છે જ્યારે t મૂલ્ય 0.19 છે અને df = 53 છે.

પ્રાપ્ત પરિણામોને સારણી C માં જોતાં 0.05 કક્ષાએ tનું મૂલ્ય એ 1.96 કરતાં ઘણું ઓછું છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત ધરાવતું નથી. માટે શૂન્ય ઉત્કલ્પના- "પે-સેન્ટર શાળા-૧ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય." નો સ્વીકાર થાય છે. આમ માનવ અધિકાર સભાનતા અંગે મોગરી પે-સેન્ટરના પ્રાથમિક શિક્ષકોમાં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સાર્થક રીતે સમાન માલુમ પડે છે.

**$Ho_3$."પે-સેન્ટર શાળા-૨ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."**

સારણી :૪ માનવ અધિકાર સભાનતા અંગે પે-સેન્ટર શાળા-૨ પ્રાથમિક શાળાના શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોને મળેલા પ્રાપ્તાંકોનાં મધ્યક અને પ્રમાણવિચલન તથા ક્રાંતિક ગુણોત્તરના મૂલ્યો

| જૂથ | સંખ્યા (N) | મધ્યક | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | મધ્યકનો તફાવત | t' મૂલ્ય | df | સરાસરીના તફાવતની સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષકો | 42.00 | 14.89 | 1.77 | 0.73 | 1.25 | 1.85 | 55.00 | સાર્થક તફાવત નથી |
| પુરુષ શિક્ષકો | 13.12 | 10.85 | 2.55 | | | | | |

સારણી-૪માં દર્શાવ્યું છે તે પ્રમાણે માનવઅધિકાર સભાનતા સંશોધનિકામાં પે-સેન્ટર શાળા-૨ના કુલ શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકા અને પુરુષ શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોમાં મધ્યક અને પ્રમાણ વિચલન અનુક્રમે 14.89 અને 1.77 તથા 10.85 અને 2.55 છે, તેમની વચ્ચેની પ્રમાણ ભૂલ 0.73, મધ્યકનો તફાવત 1.25 છે જ્યારે t મૂલ્ય 1.85 છે અને df = 55 છે.

પ્રાપ્ત પરિણામોને સારણી Cમાં જોતાં 0.05 કક્ષાએ t નું મૂલ્ય એ 1.96 કરતાં ઘણું ઓછું છે અર્થાત્ આંકડાશાસ્ત્રીય કસોટીએ સાર્થક તફાવત ધરાવતું નથી. માટે શૂન્ય ઉત્કલ્પના- "પે-સેન્ટર શાળા-૨માં ફરજ બજાવતા શિક્ષકો પૈકી સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં માનવ અધિકારની સભાનતા અંગેના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય." નો સ્વીકાર થાય છે. આમ માનવ અધિકાર સભાનતા અંગે પ્રાથમિક શિક્ષકોમાં પે-સેન્ટર શાળા-૨માં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સાર્થક રીતે સમાન માલુમ પડે છે.

## ૬.તારણો

ઉપર્યુક્ત આંકડાશાસ્ત્રીય ગણતરી આધારે નીચે પ્રમાણે તારણો તારવી શકાય.

- પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી તમામ શિક્ષકોમાં માનવ અધિકાર પ્રત્યે ઓછી જાગૃતતા જોવા મળી.
- જાતિ આધારિત અભ્યાસ કરતાં પણ એમ માલુમ પડયું કે સ્ત્રીઓ અને પુરુષોની માનવ અધિકરા પ્રત્યેની સભનતા સમાન હતી.
- પે-સેન્ટર આધારે પણ એમ માલુમ પડયું કે સ્ત્રીઓ અને પુરુષોની માનવ અધિકરા પ્રત્યેની સભનતા સમાન હતી.
  ફલિતાર્થો
- ઉપર્યુક્ત તારણોને આધારે એમ કહી શકાય કે શિક્ષકોમાં માનવ અધિકાર પ્રત્યે સભાનતા ખૂબ ઓછી છે.

## ૭.સૂચનો

ઉપર્યુક્ત તારણોને આધારે એમ કહી શકાય કે શિક્ષકોમાં માનવ અધિકાર પ્રત્યે સભાનતા ખૂબ ઓછી છે. તો આ શિક્ષકોને માનવ અધિકાર પ્રત્યે સભાનતા કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ. અને આ અંગે વધુ અભ્યાસ હાથ ધરવો જોઇએ.

## ૮.ઉપસંહાર

સદર લઘુ સંશોધન એ એક નાના પાયા પરનું સંશોધન હતું અને આ સંશોધનમાં મળતાં તારણો જોતા આંચકાજનક પરિણામો પ્રાપ્ત થયાં હતાં તારણોને આધારે એમ કહી શકાય કે શિક્ષકોમાં માનવ અધિકાર પ્રત્યે સભાનતા ખૂબ ઓછી છે. તો આ શિક્ષકોને માનવ અધિકાર પ્રત્યે સભાનતા કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઇએ. અને આ અંગે વધુ અભ્યાસ હાથ ધરવો જોઇએ.